
Vishva Samachar Weekly

RNI : GujGuj/2001/05622

લવાજમ
વાર્ષિક : 250 રૂપિયા
છૂટક નકલ : 5-00 રૂપિયા
લવાજમ અને જાહેરાતનો ચેક/ ડ્રાફ્ટ
'વિશ્વ સમાચાર'ના
નામથી મોકલી આપવા વિનંતી
શેઠ વાડીલાલ સારાભાઇ
હોસ્પિટલ સામે,

Associated
PRESS OWNERS WELFARE ASSOCIATION

વિશ્વ સમાચાર
સાપ્તાહિક




PRINTER, PUBLISHER, OWNER AND EDITOR : NILAYBHAI HARISHBHAI MEHTA

E-mail : vishvasamacharindia@gmail.com

● Office : Opp. Sheth Vadilal Sarabhai Hospital, Allisebridge, Ahmedabad - 380006 : Mo. 92745 45455

• Year : 24 • Issue : 26 • Dt. 24-03-2025 • Monday • Rs.5-00 • • Page-4

### DGTRની ભલામણ બાદ ચીન વિરુદ્ધ કાર્યવાહી

# ચીનના સસ્તા સામાન વિરુદ્ધ ભારતની કડક કાર્યવાહી

## ભારતે ચીનથી આવતા સસ્તા સામાન વિરુદ્ધ કડક કાર્યવાહી કરી પાંચ વર્ષ માટે એન્ટી ડમ્પિંગ ડ્યુટી ઝીંકવાનો નિર્ણય લીધો છે

નવી દિલ્હી

ભારતે ચીનથી આવતા સસ્તા સામાન વિરુદ્ધ કડક કાર્યવાહી કરી પાંચ વર્ષ માટે એન્ટી ડમ્પિંગ ડ્યુટી ઝીંકવાનો નિર્ણય લીધો છે. ચીન સસ્તા ભાવે ભારતમાં એલ્યુમિનિયમ ફૉઈલ, વેક્યૂમ ફ્લાસ્ક, સૉફ્ટ ફેરાઈટ કોર્સ અને ટ્રાઈક્લોરો આઈસોસિનોરિક એસિડ પ્રોડક્ટ આયાત કરાતો હતો, જેના પર ભારતે આ શુલ્ક ઝીંકી દીધો છે.

ભારતે સ્ટીલ ઉદ્યોગની સતત માગને ધ્યાને રાખી તેમજ સ્થાનિક કંપનીઓને સસ્તી આયાતથી બચાવવા માટે આ પગલું ભર્યું હોવાનું કહેવાય છે. વાણિજ્ય મંત્રાલયના તપાસ એકમ ડ્ઢ્રઈની ભલામણ બાદ ચીનની ચાર પ્રોડક્ટ પર શુલ્ક ઝીંકાયો છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ પરોક્ષ કર અને કસ્ટમ્સ, મહેસૂલ વિભાગે અલગ સૂચનાઓમાં આ માહિતી આપી છે. કેન્દ્ર સરકારે કામચલાઉ ધોરણે એટલે કે છ મહિના માટે ચીનથી આયાત થતા એલ્યુમિનિયમ ફોઈલ પર એન્ટી ડમ્પિંગ ડ્યુટી લાદી છે. આ ઉપરાંત સરકારે ચીન-જાપાનથી આયાત થતા પ્રતિ ટન એસિડ પર ૨૭૬થી ૯૮૬ ડૉલરનો ડ્યુટી ઝીંકી છે. ઉલ્લેખનીય છે કે, વિશ્વના તમામ દેશો વચ્ચે આયાત-નિકાસનો વેપાર થાય છે. સરકાર વેપારને સંતુલનમાં રાખવા માટે અવાર-નવાર આવા પગલા ભરતી હોય છે.

ઓક્ટોબર-૨૦૨૪માં ભારતે સ્થાનિક કંપનીઓને ચીનમાંથી સસ્તી આયાતથી બચાવવા માટે પાંચ વર્ષ માટે ગ્લાસ મિરર્સ અને સેલોફેન ટ્રાન્સપરન્ટ ફિલ્મો સહિત પાંચ ચીની પ્રોડક્ટ્સ પર એન્ટિ-ડમ્પિંગ ડયૂટી લાદી હતી.



ચીનમાંથી સસ્તા ભાવે આયાત કરવામાં આવતા આઈસોપ્રોપીલ આલ્કોહોલ, સલ્ફર બ્લેક, સેલોફેન ટ્રાન્સપરન્ટ ફિલ્મ, થર્મોપ્લાસ્ટીક પોલીયુરેથીન અને ફ્રેમલેસ ગ્લાસ મિરર્સ પર આ ડયુટી લાદવામાં આવી હતી. આ સામાન ચીનથી સામાન્ય કરતાં ઓછી કિંમતે આયાત કરવામાં આવી રહ્યો હતો. સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેક્ટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સએ પાંચ અલગ-અલગ નોટિફિકેશનમાં જણાવ્યું હતું કે, આ ડયૂટી પાંચ વર્ષના સમયગાળા માટે લાદવામાં આવશે.

### સ્ટેટ ડિપાર્ટમેન્ટે મૂક્યો પ્રતિબંધ

# સ્કોલરશિપ સાથે અમેરિકામાં અભ્યાસ કરવા માંગતા વિદ્યાર્થીઓ પર મુશ્કેલીના વાદળો

વોશિંગ્ટન

અમેરિકાના સ્ટેટ ડિપાર્ટમેન્ટે ફુલબ્રાઈટ અને અન્ય સ્કોલરશિપ માટે ફંડિંગ પર રોક મૂકતાં અમેરિકામાં અભ્યાસ કરતાં હજારો ભારતીય વિદ્યાર્થીઓ અનિશ્ચિતતામાં મુકાયા છે.

જેના કારણે તેમના પર ખર્ચનો બોજો વધી શકે છે. અમેરિકાએ નાણાકીય સહાય છીનવી લેતાં મર્યાદિત સાધનો ધરાવતા ઘણા વિદ્યાર્થીઓના અભ્યાસ પર પણ અસર થવાની ભીતિ નિષ્ણાતોએ વ્યક્ત કરી છે. ફુલબ્રાઈટ સ્કોલરશિપમાં વિદ્યાર્થીને અમેરિકામાં ગ્રેજ્યુએટ, ડોક્ટરેટ કે માસ્ટર્સનો અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ અને યુવા પ્રોફેશનલ્સને આર્થિક સહાય આપવામાં આવે છે. જેમાં તેમના અભ્યાસથી માંડી રહેવા-ખાવા-પીવાના તમામ ખર્ચાઓ આવરી લેવામાં આવે છે. ભારતીય વિદ્યાર્થીઓ માટે આ સ્કોલરશિપ એક સ્વપ્ન સમાન છે. પરંતુ હવે તેના પર રોક મૂકાતાં મુશ્કેલીઓ વધી છે.

નિષ્ણાતે જણાવ્યું હતું કે, અમેરિકામાં અભ્યાસ અર્થે મળતી સ્કોલરશિપ્સ મેળવવામાં ભારતીય વિદ્યાર્થીઓ અવ્વલ છે. જેના પર પ્રતિબંધની સૌથી વધુ અસર નોન-STEM (વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત), નોન-MBA ક્ષેત્રોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પર થશે. વિદ્યાર્થીઓ પર લોનનું પ્રેશર વધશે. તેમજ ખાવા-પીવાના ખર્ચાનો બોજો પણ વધશે. કારણકે, સ્કોલરશિપ લઈને અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને સ્ટાઈપેન્ડ મળતુ હોવાથી તેમણે અત્યારસુધી અમેરિકામાં અભ્યાસના ખર્ચાઓ મુદ્દે કોઈ મેનેજમેન્ટ કર્યુ નથી. અમેરિકામાં પીએચડી, માસ્ટર્સ, કે રિસર્ચ ક્ષેત્રે અભ્યાસ કરવા માગતા વિદ્યાર્થીઓ માટે ફુલબ્રાઈટ સહિતની સ્કોલરશિપ્સ હાલપૂરતી બંધ કરાતાં અભ્યાસના ખર્ચનો બોજો વધશે. જેથી આ સ્કોલરશિપ માટે તૈયારી કરી રહેવા વિદ્યાર્થીઓ પર મુશ્કેલીના વાદળો છવાયા છે.

### સુશાંત સિંહ રાજપૂત કેસ

# CBI એ ચાર વર્ષ ૪ મહિને ક્લૉઝર રિપોર્ટ દાખલ કર્યો

મુંબઈ

**CBI** (સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન)એ સુશાંત સિંહ રાજપૂત કેસનો ક્લોઝર રિપોર્ટ મુંબઈ કોર્ટમાં દાખલ કર્યો છે. સુશાંત સિંહ રાજપૂતનું ૨૦૨૦માં અવસાન થયું હતું. લગભગ ૪ વર્ષ ૪ મહિના પછી **CBI**એ ક્લોઝર રિપોર્ટ દાખલ કર્યો છે. સીબીઆઈએ રિયા ચક્રવર્તી અને તેના પરિવારને ક્લીનચીટ આપી છે. સીબીઆઈની તપાસ મુજબ સુશાંત સિંહ રાજપૂતના મોત માટે કોઈ જવાબદાર નથી.

સુશાંતના પિતા દ્વારા રિયા ચક્રવર્તી પર લગાવવામાં આવેલા આરોપો અને રિયા દ્વારા સુશાંતના પરિવાર પર લગાવવામાં આવેલા આરોપોને લઈને બંને કેસમાં ક્લોઝર રિપોર્ટ દાખલ કરવામાં આવ્યો છે. સીબીઆઈએ સુશાંતનો કેસ સંભાળ્યો અને ઓગસ્ટ ૨૦૨૦માં તપાસ શરૂ કરી હતી. ૪ વર્ષની તપાસ બાદ **CBI**એ ક્લોઝર રિપોર્ટ દાખલ કર્યો છે.

# ACનું કંપ્રેસર ફાટતા જોરદાર બ્લાસ્ટ થયો : ૪ લોકોના મોત

બહાદુરગઢ

હરિયાણામાં બહાદુરગઢના સેક્ટર ૯ના એક મકાનમાં જોરદાર ધમાકો થયો હતો. આ ધમાકામાં ચાર લોકોના મોત થયા છે અને એક ઘાયલ છે. પોલીસ અને ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. આ સમગ્ર મામલાને લઈને પોલીસ તપાસમાં લાગેલી છે. દુર્ઘટનામાં ત્રણ બાળકો સહિત ચાર લોકોના મોત થઈ ગયા છે. તમામ મૃતકો એક જ પરિવારના હતા. બ્લાસ્ટમાં એક શખ્સ ઘાયલ પણ થયો છે. જેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. જાણકારી અનુસાર, ઘરમાં એસીનું કંપ્રેસર ફાટવાથી બ્લાસ્ટ થયો છે. બ્લાસ્ટ થયેલા ઘરમાં પાડોશીઓના જણાવ્યા અનુસાર એસીનું કંપ્રેશર ફાટવાથી આ ધમાકો થયો હતો. જેમાં ૩ બાળકો અને એક મહિલાનું દર્દનાક મોત થઈ ગયું છે, જ્યારે એક પુરુષ ગંભીર રીતે ઘાયલ થયો છે. પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. પાડોશીઓનું કહેવું છે કે, તેમને ખબર નહોતી કે જે ઘરમાં ધમાકો થયો છે, તેમાં કોણ છે. કારણ કે ૬-૭ મહિનાથઈ આ ઘર બંધ હતું. હાલમાં જ આ લોકો રહેવા આવ્યા હતાં.

# ગાંદરબલમાં પર્યટકોને લઈ જતી કાર ખીણમાં ખાબકી

જમ્મુ

જમ્મુ- કાશ્મીરના ગાંદરબલ જિલ્લાના ગુંડ કંગન વિસ્તાર નજીક એક રોડ અકસ્માતમાં ત્રણ પર્યટકોના મોત થયા હોવાના સમાચાર છે, જ્યારે અન્ય ૧૪ લોકો ઘાયલ થયા છે. મળતી માહિતી પ્રમાણે ટોયોટા ઈટિઓસ કાર બસ સાથે અથડાતાં આ ભયાનક અકસ્માત થયો હતો. આ દરમિયાન બસે કાબુ ગુમાવી દીધો હતો જેના કારણે બસ ખાડામાં પડી ગઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે ત્રણ પ્રવાસીઓના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. જ્યારે ૧૪ લોકો ઘાયલ થયા હતાં. જેમને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. દુર્ઘટનામાં ઘાયલ થયેલામાંથી કેટલાક લોકોની હાલત ખૂબ જ ગંભીર હોવાનું કહેવાય છે. દુર્ઘટનાની માહિતી મળતા જ પોલીસ અને રાહત ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. અને બચાવ કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું.

## તંત્રીની કલમે................

## ખેડૂતોની હઠનું પરિણામ


Editor- Nilay H. Mehta

પંજાબ-હરિયાણા સરહદ પર એક વર્ષથી વધુ સમય સુધી બે મુખ્ય રસ્તાને રોકીને ધરણાં કરી રહેલા હઠીલા ખેડૂતોને જબરદસ્તી હટાવીને પંજાબ સરકારે એ જ કર્યું, જે તેણે બહુ પહેલાં જ કરવા જેવું હતું. ખેડૂતોનાં આ ધરણાંને કારણે ન માત્ર સામાન્ય લોકોને પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો હતો, બલ્કે વેપારીઓને સારું એવું નુકસાન પણ ઉઠાવવું પડતું હતું. જોકે ખેડૂત નેતા સુપ્રીમ કોર્ટની દખલ બાદ પણ પોતાની હઠ છોડવા તૈયાર ન હતા, એટલા માટે પંજાબની આમ આદમી પાર્ટીની સરકાર પાસે રસ્તા ખાલી કરાવ્યા વિના કોઈ ચારો રહ્યો ન હતો.

આ એ જ આમ આદમી પાર્ટી છે, જેણે એક સમયે કૃષિ કાયદાના વિરોધમાં જબરદસ્તી દિલ્હીને ઘેરીને બેઠેલા કથિત ખેડૂતોનું દરેક પ્રકારે સમર્થન કર્યું હતું. એ સારું છે કે તેણે ભલે મજબૂરીમાં, પણ પોતાનો રાજધર્મ નિભાવ્યો. તેણે બુલડોઝર મોકલીને ખેડૂતોએ બનાવેલા અસ્થાયી તંબુઓને તોડી પાડ્યા. એ સમયની માંગ છે કે ખેડૂત નેતાઓ પણ એ સમજે કે હઠધર્મિતા દેખાડવાથી તેમની સમસ્યાઓનું સમાધાન થવાનું નથી. તેમણે એ પણ સમજવું પડશે કે જો કોઈ પોતાની માંગો મનાવવા માટે જાણીજોઈને લોકોને પરેશાન કરવાની રીતભાતો અપનાવે છે તો તે જનતાની સહાનુભૂતિ ગુમાવી દે છે અને સરકારો માટે તેમની માંગો પર વિચાર કરવો પણ મુશ્કેલ થઈ જાય છે.

ખેડૂત સંગઠનો પોતાની અન્ય અનેક માંગો સહિત તમામ પાકોની ટેકાના ભાવે ખરીદીની ગેરંટીવાળો કાયદો ઇચ્છે છે. તેમનું માનવું છે કે સરકાર માટે આવો કાયદો બનાવવો સંભવ છે, પરંતુ કેન્દ્ર સરકાર વારંવાર કહી રહી છે કે આવો કાયદો બનાવવો સંભવ નથી અને જો તેમના દબાણમાં આવીને એવો કાયદો બનાવી પણ દેવાય તો તેનાં દુષ્પરિણામો ખેડૂતોએ જ ભોગવવાં પડશે.

ખેડૂત નેતાઓ પાસે એવા સવાલોનો કોઈ જવાબ નથી હોતો કે જો વેપારી ટેકાના ભાવે ખરીદી કરવાનું બંધ કરી દે તો શું થશે? એના પર આશ્ચર્ય નહીં કે ખેડૂત નેતાઓ અને કેન્દ્રીય મંત્રીઓ વચ્ચે સાતમા દોરની મંત્રણા કોઈ નિષ્કર્ષ સુધી પહોંચી ન શકી. એ ઠીક છે કે પંજાબ સરકાર તરફથી ખેડૂત સંગઠનોને સડક પરથી હટાવી દેવાથી ખેડૂત નેતાઓ નારાજ છે, પરંતુ યોગ્ય એ જ રહેશે કે તેમના અને કેન્દ્ર સરકાર વચ્ચે વાતચીતનો દોર ચાલુ રહે.

જોકે વાતચીત કોઈ સકારાત્મક પરિણામ પર ત્યારે જ પહોંચી શકે છે જ્યારે બંને પક્ષ વચ્ચેનો કોઈ રસ્તો શોધવાની કોશિશ કરશે. જ્યાં સરકાર માટે એવા ઉપાય કરવા જરૂરી છે, જેનાથી ખેતીનો ખર્ચ ઓછો થાય અને ખેડૂતોને તેમની ઉપજના યોગ્ય ભાવ મળે, ત્યાં જ ખેડૂત નેતાઓએ પણ પોતાની માંગોને લઈને જીદ પકડવાથી બચવું પડશે. કેન્દ્ર સરકારે એ જવાબદારી પોતાના માથે લેવી પડશે કે તેઓ ખેડૂત નેતાઓ સમક્ષ એ તથ્યો રજૂ કરે જેનાથી સ્પષ્ટ થઈ શકે કે ટેકાના ભાવ પર ખરીદીની ગેરંટીવાળો કાયદો કઈ રીતે તેમના માટે જ સમસ્યા પેદા કરશે.


**સમગ્ર ગુજરાત માં પત્રકારો અને જાહેરાત નું કામ કરી શકે તેવા ઉમેદવારો નીમવાના છે**

"વિશ્વ સમાચાર" અખબારમાં પત્રકાર તરીકે તથા જાહેરાત નું કામ કરી શકે તેવા યુવક - યુવતીઓ નીમવાના છે. જે ઉમેદવારને બાયોડેટા સાથે કાર્યાલય નો સંપર્ક કરવો.

**"વિશ્વ સમાચાર"**

મો. ૯૨૭૪૫ ૪૫૪૫૫

Email : vishvasamacharindia@gmail.com


## પ્રવાસીઓ માટે સારા સમાચાર

# ઉનાળાના વેકેશન માટે GSRTCએ 'મન ફાવે ત્યાં ફરો' યોજના શરૂ કરી

## આ યોજના હેઠળ કોઈપણ ગુજરાતી ૪૫૦ થી ૧,૪૫૦ સુધીના ખર્ચે ચાર થી સાત દિવસ માટે ગુજરાતના કોઈપણ ખૂણામાં મુસાફરી કરી શકે છે




અમદાવાદ : ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ (GSRTC) એ આગામી ઉનાળાના વેકેશનને ધ્યાનમાં રાખીને મન ફાવે ત્યાં ફરો નામની યોજના રજૂ કરી છે. આ યોજના હેઠળ, કોઈપણ ગુજરાતી ૪૫૦ થી ૧,૪૫૦ સુધીના ખર્ચે ચાર થી સાત દિવસ માટે ગુજરાતના કોઈપણ ખૂણામાં મુસાફરી કરી શકે છે. ગુજરાત એસટી બસની સલામત સવારી એસટીમાં હવે તમે પણ 'મન ફાવે ત્યાં ફરો' યોજનાનો લાભ લઈ શકશો. GSRTCએ આ યોજના અમલમાં મૂકી છે જેથી લોકો રાજ્યભરમાં સરળતાથી મુસાફરી કરી શકશે. મુસાફરો ચાર કે સાત દિવસમાં ગુજરાતના અનેક સ્થળોની મુલાકાત લઈ શકે છે. તમને જણાવી દઈએ કે, આ યોજનામાં લોકલ, એક્સપ્રેસ, ગુર્જરનગરી, લક્ઝરી, સ્લીપર કોચ, એસી કોચ અને વોલ્વો બસો જેવા વિવિધ પ્રકારના સેવાનો સમાવેશ થાય છે. ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા રાજ્યમાં 'મન ફાવે ત્યાં ફરો'યોજના અમલમાં મુકી છે. જેમાં ગુજરાતભરના વિવિધ વિસ્તારોની મુલાકાત લેવા ઈચ્છતા કોઈપણ વ્યક્તિ માત્ર ૪ થી ૭ દિવસ દરમિયાન માત્ર ૪૫૦થી ૧૪૫૦ રુપિયામાં ગુજરાતના કોઈ પણ ખુણે મુસાફરી કરી શકશે. GSRTCની આ યોજના મુજબ માત્ર ૪૫૦ રુપિયામાં અઠવાડિયું ગુજરાતના ગમે તે ખુણે મુસાફરી કરી શકશો. જીઈ્રઝ્રની આ યોજનાથી પ્રવાસીઓ ખુબ ખુશ જોવા મળી રહ્યા છે.

## હ્યુમન ટ્રાફિકિંગના સૌથી મોટા નેટવર્કનો પર્દાફાશ

# ગુજરાતમાં દલાલોએ બાંગ્લાદેશી સગીરાઓને દેહ વેપાર માટે વેચી

અમદાવાદ

૧૩ વર્ષની બાંગ્લાદેશી સગીરાનું અપહરણ કરીને દેહ વેપારમાં ધકેલવાના કેસમાં રાજકોટના પીઆઈએ સગીરાને સલામત છોડવી. છેલ્લા ૨ વર્ષથી સગીરાને શારીરિક શોષણ કરીને વેચી નાંખવાના રેકેટનો પર્દાફાશ થયો. મહિલા પોલીસના AHTU માં હ્યુમન ટ્રાફિકિંગને લઈને ગુનો નોંધી ધરપકડ કરવામાં આવી છે. અમદાવાદ શહેરમાં બાંગ્લાદેશથી હ્યુમન ટ્રાફિકિંગનો નેટવર્કનો મોટો ખુલાસો સામે આવ્યો છે. રાજકોટના એક પીઆઈએ એક સગીરાને દેહ વ્યાપારના ધંધામાંથી સલામત છોડાવતા સમગ્ર નેટવર્કનો પર્દાફાશ થયો છે.

ઘટનાની વાત કરીએ, તો ૧૧ વર્ષની ઉંમરની સગીર બાળકીનું બાંગ્લાદેશથી નિઝામ અને હસીના નામના આ બન્ને આરોપીઓએ સગીરાને ચોકલેટ આપવાના બહાને ફોસલાવી લાવીને અપહરણ કર્યું હતું. ત્યાર બાદ બાંગ્લાદેશથી જંગલ મારફતે કોલકાત્તા અને ત્યાંથી અમદાવાદના ચાંદલોડિયામાં લાવ્યા હતા. આ સગીરાને નિઝામ અને હસીના એ નારોલમાં રહેતા સુલોતા સિંગ નામની મહિનાને રૂપિયા ૪૦ હજારમાં વેચી દીધી હતી.

તો બીજી તરફ, ગુમ સગીરાને લઈને બાંગ્લાદેશમાં અપહરણની ફરિયાદ દાખલ થઈ હતી. આ દરમિયાન બાંગ્લાદેશની એક એનજીઓએ દિલ્હીના ફ્રીડમ એનજીઓને બાળકી અંગે માહિતી આપી હતી. જે ફ્રીડમ એનજીઓ સગીરાને શોધવા માટે દિલ્હી, મુંબઈ અને અમદાવાદ પોલીસને અરજી કરી હતી. જેની અમદાવાદ AHTU દ્વારા તપાસ ચાલી રહી હતી. જે અરજી આધારે સગીરાને શોધવામાં અમદાવાદ પોલીસને સફળતા મળી છે. હ્યુમન ટ્રાફિકિંગના નેટવર્કનો પર્દાફાશ રાજકોટના ફરજ બજાવતા પીઆઈ જી.આર. ચૌહાણે કર્યો છે. પીઆઈ જી.આર. ચૌહાણ અગાઉ મહિલા પોલીસના AHTU માં ફરજ બજાવતા હતા. તે દરમિયાન એન.જી. ઓ દ્વારા સગીરા ના ગુમ થવાની કરાયેલી અરજી ની તપાસ આર.જી.ચૌહાણ કરી રહ્યા હતા.

પરંતુ થોડા સમય પહેલા રાજકોટ ખાતે બદલી થઈ હતી. જેથી સગીરાની તપાસ અટકી હતી મહત્વનું છે કે બે દિવસ પહેલા ગુમ થયેલી સગીરાની માહિતી પીઆઈ ચૌહાણને આપી હતી. જેથી પીઆઈએ રાજકોટથી અમદાવાદ નારોલમાં સગીરાને શોધીને આ રેકટનો પર્દાફાશ કર્યો હતો.

# સાવલીમાં યુવાનનું લુ લાગવાથી મોત નિપજ્યું

વડોદરા

વડોદરા જિલ્લામાં ગરમીના કારણે પ્રથમ મોત પોલીસના ચોપડે નોંધાયું છે. હજી તો માર્ચ મહિનો ચાલે છે અને પ્રચંડ ગરમીનો પ્રકોપ લોકો અનુભવી રહ્યા છે. જિલ્લાના સાવલી ખાતે સિહોરા ભાગોળ પાસે ભીમનાથ મંદિરના ગેટની સામે આશરે ૩૦ વર્ષના એક અજાણ્યા યુવાનનું ગરમી અને લુ લાગવાથી મોત નિપજ્યું હતું. આ અંગે સિહોરા ભાગોળે રહેતા શઇદ અનવર શેખે સાવલી પોલીસને જાણ કરતા પોલીસે અકસ્માત મોતની નોંધ કરી હતી તેમજ અજાણ્યા યુવાનની ઓળખ મેળવવાના પ્રયત્નો હાથ ધર્યા છે. ગરમીને કારણે મૃત્યુ પામેલા યુવકની ઓળખ થઈ શકી નથી. પરંતુ યુવક મનો દિવ્યાંગ હોવાની ગામમાં ચર્ચા છે. મૃતક રસ્તાની બાજુમાં સુતેલી હાલતમાં મળ્યો હતો. જેનું ગરમી અને લુ લાગવાથી મોત થયુ હોવાનું નોંધાયું છે. પોલીસે યુવક કોણ છે તેની ઓળખ માટેની કવાયત શરૂ કરી છે.

## ગરમીનો પારો ૨-૩ ડિગ્રી વધશે


# ગુજરાતમાં આગામી દિવસોમાં ગરમીનો પારો સતત વધી શકે છે

અમદાવાદ

ગુજરાતમાં માર્ચ મહિનો પુરો થવાના આરે છે અને એપ્રિલ મહિનાની શરૂઆત થવાની તૈયારી છે. ત્યારે હવે સૂર્યદેવ તપી રહ્યાં છે. હવામાન વિભાગે ગુજરાતવાસીઓને હજુ આકરા તાપમાં તપવા માટે તૈયાર રહેવા સૂચન કર્યુ છે. એટલે કે, આગામી દિવસોમાં રાજ્યમાં ગરમીનો પારો વધુ ઉપર જઈ શકે છે.

હવામાન વિભાગ અનુસાર, ગુજરાતમાં આગામી દિવસોમાં ગરમીનો પારો સતત વધી શકે છે. રાજ્યમાં મહતમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો હવામાન વિભાગે આગાહી કરી છે.

મહતમ તાપમાનમાં વધારો થતા ગરમી જોર પકડશે. તાજા અપડેટની વાત કરીએ તો, રાજકોટ અને ભૂજમાં મહતમ તાપમાન ૪૦ ડિગ્રીને પાર પહોંચ્યો હતો, આ શનિવારે સાત શહેરમાં ગરમીનો પારો ૩૭ ડિગ્રીને પાર પહોંચ્યો હોવાનું નોંધાયુ હતુ. ભારતીય હવામાન



વિભાગના જણાવ્યા અનુસાર, છેલ્લા ૧૨૫ વર્ષમાં ફેબ્રુઆરીમાં આટલી ભારે ગરમી ક્યારેય જોવા મળી નથી. તાજેતરના વર્ષોમાં, ગરમીના મોજા ફક્ત વહેલા જ નથી આવી રહ્યા, પરંતુ તેમની તીવ્રતા પણ વધી રહી છે. ફેબ્રુઆરી ૨૦૨૫ દરમિયાન, ભારતના ૨૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં રાત્રિનું તાપમાન સામાન્ય કરતા ત્રણ થી પાંચ ડિગ્રી સેલ્સિયસ વધુ હતું.

૧૧ થી ૨૩ ફેબ્રુઆરી દરમિયાન, દેશના ૩૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ઓછામાં ઓછા એક દિવસ માટે રાત્રિનું તાપમાન સામાન્ય કરતા વધારે નોંધાયું હતું. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે માર્ચ મહિનામાં ગુજરાતનું વાતાવરણ બદલાતું રહે તેવી શક્યતા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે, ૨૦ એપ્રિલથી ગરમી વધુ ગરમી પડવાની શક્યતા છે. ૨૬ મે સુધી આંધી વંટોળની શક્યતા દેખાઈ રહી છે. તો આ વર્ષે અમદાવાદ, વડોદરા, પંચમહાલમાં આકરી ગરમીની શક્યતા તેમણે દર્શાવી છે. આ વર્ષે દક્ષિણ ગુજરાતમાં પણ ગરમી વધશે. કચ્છમાં પવન સાથે ગરમી પડવાની શક્યતા છે.

## બાળકની તબિયત લથડતાં આઈસીયુમાં દાખલ કરાયો

# સાત વર્ષના બાળકના હત્યાના પ્રયાસમાં મહિલાની ધરપકડ

## આણંદ જિલ્લાના તારાપુરમાં સાત વર્ષના બાળકે ઝેરી દવા પીવડાવી, પોલીસે આરોપી મહિલાની કરી ધરપકડ

આણંદ

આણંદ જિલ્લાના તારાપુરમાં સાત વર્ષના બાળકની તબિયત લથડતાં તેને આઈસીયુમાં દાખલ કરાયો હતો. ત્રણ દિવસ બાદ બાળક જ્યારે ભાનમાં આવ્યું તો ચોંકાવનારો ખુલાસો થયો હતો. જેમાં પાડોશમાં રહેતી મહિલાએ બાળકને ઝેરી દવા પીવડાવીને હત્યાનો પ્રયાસ કરાયો હોવાનું સામે આવ્યું હતું. સમગ્ર મામલે પોલીસે આરોપી મહિલાની ધરપકડ કરી લીધી છે. આણંદ જિલ્લાના તારાપુરના જીચકા ગામ ખાતે સાત વર્ષના બાળકને હેતલબહેન નામના મહિલાએ કપાસમાં નાખવાની દવા પાણીમાં નાખીને જબરદસ્ત પીવડાવતા બાળકની તબિયત લથડી હતી. જેમાં બાળકોને ૧૬થી ૧૮ માર્ચ સુધી આઈસીયુમાં દાખલ કરાયો હતો. જ્યારે બાળક ભાનમાં આવે છે, ત્યારે તેના પિતાએ પૂછતાં સમગ્ર બાબતે ખુલાસો થયો હતો. મળતી માહિતી મુજબ, આરોપી હેતલબહેનના બાળકના પાડોશી છે અને તેમના ફળિયામાં કોકિલાબહેન નામના મહિલા એકલાં રહે છે. વાત એમ છે કે, થોડા દિવસ પહેલા કોકિલાબહેન બહારગામ ગયા હતા અને તેમણે ઘરની ચાવી આરોપી હેતલબહેનને રાખવા આપી હતી. પરંતુ જ્યારે કોકિલાબહેન ઘરે પરત આવે છે તો તેમને ઘરમાં રાખેલા સોનાની બંગડી ગાયબ હતી. જેથી તેમણે હેતલબહેનને પૂછ્યું હતું. એટલે હેતલબહેને દાગી કયા છે તે જાણતી ન હોવાનું કહેતા કોકિલાબહેને કહ્યું કે, ભગવાન જોવે છે જેણે પણ ખોટું કર્યુ હશે તેની સાથે પણ ખોટું થશે. આ પછી આરોપીએ ચોરીનો દોષ પોતાના પર ન આવે અને ચોરીનો દોષ બીજા પર જાય એટલા માટે પાડોશી બાળકને ઝેરી દવા પીવડાવી હતી. સદનસીબે બાળકનો જીવ બચી ગયો હતો. હાલ બાળકની સ્થિતિ સારી હોવાથી હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે. જ્યારે હત્યાનો પ્રયાસ કરનાર મહિલાની પોલીસે ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# રાલોદના કાર્યકર્તાનું ઘરની બહાર જ મોત નિપજ્યું

બુલંદશહેર

બુલંદશહેરના ખુર્જા જંક્શન ચોકી વિસ્તારમાં એક ગામમાં રહેતા રાલોદના કાર્યકર્તાનું ઘરની બહાર જ મોત નિપજ્યું હતું. અચાનક આવેલા હાર્ટ એટેકના કારણે તે અચાનક ઉભા ઉભા જ નીચે બેસી ગયો, ત્યાર બાદ તેનું મોત નિપજ્યું હતું. સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી. ખુર્જા જંક્શન ચોકી વિસ્તારના ગામ મદનપુર નિવાસી રાલોદ કાર્યકર્તા અમિત ચૌધરી (૨૮) ઘરની બહાર ફરી રહ્યા હતા. દરમિયાન અચાનક તેમને હાર્ટએટેક આવ્યો હતો. જેમાં તેનું ગણતરીની સેકન્ડોમાં જ મોત નિપજ્યું હતું. સીસીટીવીમાં જોઈ શકાય છે કે, અમિત ચૌધરી પોતાના ઘરની બહાર અચાનક પટકાય હતા અને પછી શાંત થઈ ગયા હતા. મોતના સેકન્ડો પહેલા સુધી રાલોદ નેતા એકદમ સ્વસ્થય દેખાઈ રહ્યા હતા.

સીસીટીવી ફુટેજમાં તેઓ ઘરની બહાર ઉભેલા દેખાય છે. થોડી જ સેકન્ડો બાદ તેઓ પાછળની તરફ ફરે છે, પછી પોતાની જાતને સંભાળવાનો પ્રયાસ કરે છે. તેમણે ઘરની સામે રહેલી એક દિવાલનો ટેકો લેવાનો પણ પ્રયાસ કર્યો. જો કે તેઓ જમીન પર ફસડાઇ પડ્યા હતા. જોત જોતામાં રાલોદ નેતાના શ્વાસ અટકી જાય છે.

આ ઘટના બાદ પરિવારની સાથે સાથે આસપાસના લોકો પણ આશ્ચર્યચકિત છે. અમિત પુત્ર સંજીવ બિલ્ડિંગ સ્ટરિંગની દુકાન કરતા હતા. ૨૦ માર્ચની સાંજે તેઓ ફરવા નિકળ્યા અને ઘરની બહાર રોકાઈ ગયા હતા. ઘરની સામે તેઓ આવીને અચાનક ઉભા ઉભા જ તેઓ ફસડાઇ પડ્યા. તેમનું મોત નિપજ્યું. તેઓ સંપુર્ણ સ્વસ્થ હતા અને તેમને કોઈ જ બિમારી નહોતી. અમિતના મોતથી પરિવાર પર આભ ફાટી પડ્યું હતું.

# દિવાલની આરપાર જોઈ શકાય તેવા ચશ્મા આપવાનું કહી પડાવ્યા ૭૦ લાખ

## ૬ લોકોએ અપહરણ કર્યાની ફરિયાદ નોંધાઈ હતી : ચાર આરોપીઓની પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી

રાજકોટ : અંધશ્રદ્ધા અને તાંત્રિક વિધિના નામે એક હેયું હચમચાવી નાખે તેવી ઘટનાઓ ગુજરાતમાંથી પણ બહાર આવે છે. ત્યારે રાજકોટના વિંછીયામાં સગીરાના અપહરણ કર્યુ હોવાની ઘટનામાં મોટો ખુલાસો થયો છે. વિંછીયામાં તાંત્રિક વિધી માટે સગીરાનું અપહરણ કર્યાનો ખુલાસો થયો છે. ૬ લોકોએ અપહરણ કર્યાની ફરિયાદ નોંધાઈ હતી. ચાર આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. જેમાંથી ૩ આરોપીઓની શોધખોળ યથાવત છે. વિંછીયામાં તાંત્રિક વિધીના નામે સગીરાનું અપહરણ કરના મુખ્ય આરોપી દિનેશ ચોવછીયાએ ૬ લોકો સાથે ભેગા મળી અપહરણ કર્યું હતુ. દિવાલની આરપાર જોઈ શકે તેવા ચશ્મા હોવાનું કહી પૈસા પડાવ્યા હતા. જેમાં ૬ લોકો પાસેથી ૭૦ લાખ રુપિયાની છેતરપિંડી કરી હતી. ચશ્મા માટે સગીરાને તાંત્રિક પાસે લઈ જવાની વાત કરી છે. સગીરાનું અપહરણ કર્યા બાદથી મુખ્ય આરોપી અને સગીરાનો પત્તો મળ્યો નથી. ઉલ્લેખનીય છે કે તાંત્રિકે દિવાલની આરપાર જોઈ શકાય તેવી ચશ્મા હોવાનું કહીં ૭૦ લાખ પડાવ્યા હતા. એટલું જ નહીં તાંત્રિક વિધી કરવા માટે સગીરાનું પણ અપહરણ કરાવ્યું હતુ. જો કે પોલીસને સમગ્ર ઘટનાની જાણ થતા તાત્કાલિક ધોરણે તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં ૪ આરોપીની ધરપકડ કરવામાં આવ્યા છે. જ્યારે ૩ આરોપીની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

## મહિલાના પગમાં માલિશ કરી વિધિ કરતો ભૂવો રંગેહાથ ઝડપાયો

છોટાઉદેપુર

ફરી એક વખત ઢોંગી ભૂવાનો પર્દાફાશ થયો છે. સટુંન ગામે વિજ્ઞાનજાથાની ટીમ ત્રાટકી હતી. વિજ્ઞાનજાથાની ટીમે છટકું ગોઠવી ભૂવાનો પર્દાફાશ કર્યો છે. ગણપત નાયક નામનો ભૂવો દોરા ધાગા કરતો હતો. ભૂવો, મહિલાના પગમાં માલિશ કરી વિધિ કરતો હતો, ત્યારે વિજ્ઞાનજાથાની ટીમે રંગે હાથ ઝડપી પાડ્યો હતો. વિજ્ઞાનજાથાની ટીમે પર્દાફાશ કરી ભૂવા પાસે માફી મંગાવી હતી. વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે, કેવી રીતે વિજ્ઞાનજાથા દ્વારા છટકું ગોઠવી ભૂવાનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. ભૂવો ધતિંગ કરી રહ્યો હતો, ત્યારે વિજ્ઞાનજાથાની ટીમ પહોંચી હતી. ભૂવાને મહિલાના પગમાં માલિશ કરી વિધિ કરતો રંગે હાથ પકડી પાડવામાં આવ્યો હતો.

# સ્કૂલવાનના ડ્રાઈવરે ૧૩ વર્ષની વિદ્યાર્થિની સાથે કર્યા અડપલાં

ભાવનગર

રાજ્યમાં માતા-પિતા માટે લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે. ભાવનગરમાં સ્કૂલવાનના ડ્રાઈવરે ૧૩ વર્ષની વિદ્યાર્થિની સાથે શારીરિક અડપલાં કર્યા હોવાની ઘટના સામે આવી છે. બાળકી જ્યારે સ્કૂલેથી ઘરે પરત ફરી ત્યારે ઘટના અંગે માતા પિતાને જાણ કરી હતી. સમગ્ર મામલે જૈન સમાજના આગેવાનોએ પાલીતાણા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે, ત્યારે પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી. ભાવનગરના પાલીતાણામાં ૧૩ વર્ષની વિદ્યાર્થિની સાથે સ્કૂલવાનના ડ્રાઈવરે શારીરિક અડપલાં કર્યા હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે.

બાળકી જ્યારે ક્લાસથી ઘરે પહોંચી ત્યારે સમગ્ર ઘટના અંગે માતા-પિતાને જાણ કરી હતી. ત્યારબાદ પરિવાર સહિત જૈન સમાજના આગેવાનો પોલીસ સ્ટેશને પહોંચ્યા હતા. જ્યાં જાહિદ કાજી નામના સ્કૂલવાન ડ્રાઈવર વિરુદ્ધમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી.

## મ્યુનિસિપલ કોર્પોરેશને એક અનોખું પગલું હાથ ધર્યું

# ‘કુલ બસ સ્ટોપ’નું નિર્માણ કરવામાં આવતા લોકોને રાહત

## લાલ દરવાજા ટર્મિનસ ખાતે પ્લેટફોર્મ નંબર ૭ અને ૮ પર ખાસ કર્ટેન્સ સાથે આ સુવિધા સ્થાપિત કરવામાં આવી


ફોટો : મહેશ ખત્રી

અમદાવાદ

અમદાવાદ સહિત રાજયના વિવિધ શહેરોમાં તાપમાનમાં સતત વધારો થઈ રહ્યો છે, જેના કારણે શહેરીજનોને ભારે ગરમીનો સામનો કરવો પડી રહ્યો છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને એક અનોખું પગલું હાથ ધર્યું છે. જેથી મુસાફરોને રાહત મળી શકે. AMCએ ખાસ કરીને ઉનાળાની ઋતુમાં જાહેર પરિવહનનો ઉપયોગ કરતા મુસાફરોને ઠંડકઅને આરામ આપવા માટે એક નવી પહેલ શરૂ કરી છે.

અમદાવાદ હીટ એક્શન પ્લાન હેઠળ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ અને મહિલા હાઉસિંગ ટ્રસ્ટ દ્વારા ‘કુલ બસ સ્ટોપ’નું નિર્માણ કરવામાં આવ્યું છે. લાલ દરવાજા ટર્મિનસ ખાતે પ્લેટફોર્મ નંબર ૭ અને ૮ પર ખાસ કર્ટેન્સ સાથે આ સુવિધા સ્થાપિત કરવામાં આવી છે. આ પડદા મુસાફરોને ગરમીથી રાહત તો આપશે જ, પરંતુ સ્ટોપને વધુ ઠંડુ અને આરામદાયક પણ બનાવશે. આ ખાસ પ્રકારના સ્ટોપ પર ઉભા રહી મુસાફરો પણ ગરમીમાં ‘કુલ’ અનુભવશે.

અમદાવાદ શહેરમાં ગરમીના પ્રકોપથી નાગરિકોને બચાવવા માટે આ પગલું એક મહત્વપૂર્ણ પ્રયાસ છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય માત્ર મુસાફરોને ઠંડકની સુવિધા આપવાનો નથી પરંતુ શહેરના અન્ય ભાગોમાં પણ આવી સુવિધાઓ વિકસાવવાનો છે. આ પ્રયોગને સફળ બનાવવા માટે, મહાનગરપાલિકા અને સંબંધિત વિભાગોએ ઘણા તકનીકી પગલાંની મદદ લીધી છે, જેથી ઉનાળાની ઋતુમાં મુસાફરી વધુ આરામદાયક અને સલામત બની શકે. આ પડદા સૂકા ઘાસમાંથી બનાવામાં આવેલા છે. આ પડદાની મદદથી બનેલા આ કૂલિંગ બસ સ્ટોપથી મુસાફરોને ગરમીથી રાહત આપવામાં ઘણી મદદ મળી છે. મુસાફરોએ આ પહેલ માટે વહીવટીતંત્રની પ્રશંસા કરી છે કારણ કે તે માત્ર ઠંડક પ્રદાન નથી કરતુ પણ મુસાફરોને આકરા તડકાથી પણ રક્ષણ આપે છે. આ કૂલિંગ બસ સ્ટોપ એવી જગ્યાએ લગાવવામાં આવ્યું છે જ્યાં દરરોજ ૩,૦૦૦ થી વધુ લોકો મુલાકાત લે છે. વિદ્યાર્થીઓ, ગૃહિણીઓ, મજૂરો અને અન્ય લોકો જેઓ આ માર્ગ પરથી મુસાફરી કરે છે તેઓ તેની મુલાકાત લે છે. છસ્જીનું આ પગલું લોકોને પબ્લિક ટ્રાન્સપોર્ટ તરફ પ્રોત્સાહિત કરવાનો એક મહત્વપૂર્ણ પ્રયાસ છે. ભવિષ્યમાં શહેરના અન્ય મુખ્ય બસ સ્ટોપ પર પણ આ પ્રકારની કૂલિંગ સિસ્ટમ લગાવવાની વિચારણા કરવામાં આવી રહી છે, જેથી વધુને વધુ મુસાફરોને આ પ્રકારની રાહત મળી શકે.

# ખેડા ભાજપમાં જૂથવાદ ચરમસીમાએ પહોંચ્યું

ખેડા

ખેડા ભાજપમાં જૂથવાદ ચરમસીમાએ પહોંચ્યો છે. માતરના પૂર્વ ધારાસભ્ય કેસરીસિંહ સોલંકીએ બાલાસિનોરના પૂર્વ ધારાસભ્ય રાજેશ ઉર્ફે પપ્પુ પાઠક પર આક્ષેપો કર્યા છે. કેસરીસિંહે આક્ષેપ કરતા કહ્યું કે, ખેડા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી મંડળીના ચેરમેન વિપુલ પટેલ છે માત્ર એક ચહેરો. રાજેશ ઉર્ફે પપ્પુ પાઠક દૂધ ઉત્પાદક સહકારી મંડળીનો તમામ વહીવટ કરે છે. હાલ ચેરમેન વિપુલ પટેલ છે, પણ પપ્પુ પાઠક જ મુખ્ય વહીવટદાર છે.

કેસરીસિંહે કહ્યું કે, પપ્પુ પાઠકે વડદલા, કરણપુરા, બાલાસિનોર, હાંડીયા, દેવ, ખેડગોધરા, ભાઠડા, ગધેડા, શાકરિયા, નટવરપુરા સહિતના ૧૦ ગામોમાં જમીન ખરીદી છે. પપ્પુ પાઠક ખેડૂત ન હોવા છતાં પણ તેમને અને તેમના પરિવારના નામે ૧૬૦ વીઘા જમીન ખરીદી છે. ૨૦ સપ્ટેમ્બર ૨૦૦૯ ના દિવસે સાબિત થયું કે તે ખેડૂત નથી તેમ છતાં ૪ સપ્ટેમ્બર ૨૦૨૦ માં પપ્પુ પાઠકે પોતાની હયાતીમાં પરિવારની વારસાઈ કરાવી છે. ઉલ્લેખનીય છે કે, રાજેશ ઉર્ફે પપ્પુ પાઠક હાલ ખેડા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી મંડળીના ડિરેક્ટર છે. તો માતરના પૂર્વ ધારાસભ્ય કેસરીસિંહ પણ ખેડા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં ડિરેક્ટર છે.

કેસરીસિંહ સોલંકીએ સોશિયલ મીડિયા પર વીડિયો વાયરલ કરીને પપ્પુ પાઠક સામે આક્ષેપો કર્યા છે.

## ગુજરાતે ૯૫% લક્ષ્યાંક કર્યો હાંસલ

# ૧૦૦ દિવસીય સઘન ટીબી નાબૂદી અભિયાનમાં ગુજરાત અગ્રેસર

## ૧,૩૭,૯૨૯ ટીબી દર્દીઓની સફળતાપૂર્વક ઓળખ અને નોંધણી સાથે જ ૧,૨૪,૫૮૧ દર્દીઓની સફળતાપૂર્વક સારવાર થઈ

ગાંધીનગર

ગુજરાતને ૨૦૨૪માં ૧,૪૫,૦૦૦ ટીબી દર્દીઓની ઓળખ અને નોંધણીનો લક્ષ્યાંક આપવામાં આવ્યો હતો, જેની સાપેક્ષમાં ૧,૩૭,૯૨૯ ટીબી દર્દીઓની સફળતાપૂર્વક ઓળખ અને નોંધણી કરવામાં આવી હતી. આ સાથે જ ૧,૨૪,૫૮૧ દર્દીઓની સફળતાપૂર્વક સારવાર થઈ હતી, જેથી સારવાર પૂર્ણ થવાનો દર ૯૦.૫૨% નોંધાયો હતો. આ ઉપરાંત, નોંધાયેલા ટીબી દર્દીઓમાંથી ૧,૩૧,૫૦૧ દર્દીઓને પણ સારવારની સુવિધા પૂરી પાડવામાં આવી છે.

ટીબીના દર્દીઓ તેમની નિયમિત સારવાર કરાવવા માટે પ્રેરાય અને પૈસાના અભાવે તેમની સારવારમાં કોઈ મુશ્કેલી ન આવે તે માટે ગુજરાત સરકાર દ્વારા નિક્ષય પોષણ યોજના હેઠળ દવાના ખર્ચ માટે ટીબીના દર્દી દીઠ રૂ. ૫૦૦ની નાણાંકીય સહાય પૂરી પાડવામાં આવી રહી છે. વર્ષ ૨૦૨૪માં ૧,૧૮,૯૮૪ ટીબીના દર્દીઓને રૂ.૪૩.૯ કરોડની સહાય આપવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, ટીબીના દર્દીઓને આપવામાં આવતી આ આર્થિક સહાયને કેન્દ્ર સરકારે ૧ નવેમ્બર ૨૦૨૪થી વધારીને



| કયા વર્ષમાં કેટલાંની સારવાર | |
|---|---|
| વર્ષ | સંખ્યા |
| ૨૦૧૮ | ૭૫૭૬ |
| ૨૦૧૯ | ૯૦૯૯ |
| ૨૦૨૦ | ૭૭૭૪ |
| ૨૦૨૧ | ૮૬૬૩ |
| ૨૦૨૨ | ૯૯૬૫ |
| ૨૦૨૩ | ૮૯૮૯ |
| ૨૦૨૪ | ૯૪૫૮ |

રૂ.૧૦૦૦ કરી છે.

પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન હેઠળ ગુજરાતે નિક્ષય પોર્ટલ પર ૧૦,૬૮૨ નિક્ષય મિત્રોની નોંધણી કરી અને તેમના માધ્યમથી ૩,૪૯,૫૩૪ પોષણ કિટનું વિતરણ કર્યું. રાજ્ય સરકારની આ પહેલ ટીબીના દર્દીઓને માત્ર દવાઓ જ નહીં, યોગ્ય પોષણ પણ મળે તે સુનિશ્ચિત કરે છે. આ ક્ષેત્રમાં ગુજરાત સમગ્ર દેશમાં સવર્શ્રેષ્ઠ પ્રદર્શન કરનારું રાજ્ય બન્યું છે.

ટીબીના કેસોની વહેલી તકે તપાસ અને સારવાર માટે ભારત સરકારે ૭ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ "૧૦૦-દિવસીય સઘન ટીબી નાબૂદી અભિયાન" શરૂ કર્યું છે. ગુજરાતે આ અભિયાન હેઠળ અત્યારસુધીમાં ૧૬ જિલ્લાઓ અને ૪ મ્યુનિસિપલ કોર્પોરેશનનો સમાવેશ કર્યો છે. ૨૦ માર્ચ ૨૦૨૫ સુધીમાં આ અભિયાન હેઠળ ૩૫.૭૫ લાખ લોકોનું ટીબી પરીક્ષણ કરવામાં આવ્યું છે. આ વ્યાપક પરીક્ષણના પરિણામે, ૧૬,૭૫૮ નવા ટીબી દર્દીઓની ઓળખ કરવામાં આવી છે અને તેમની સારવાર પણ શરૂ કરવામાં આવી છે.

રાજ્યના તમામ ટીબી દર્દીઓને સારવાર દરમિયાન દર મહિને પોષણ કિટ ઉપલબ્ધ કરાવવાના ઉદ્દેશથી ગુજરાત સરકારે તાજેતરમાં ૬ માર્ચ ૨૦૨૫ના રોજ લાયન્સ ક્લબ્સ ઈન્ટરનેશનલ સાથે એક મહત્વપૂર્ણ સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કર્યા છે. આ અંતર્ગત ટીબીના દર્દીઓને દત્તક લઈને તેમને ન્યુટ્રિશન સપોર્ટ પ્રદાન કરવામાં આવશે. રાજ્યભરમાં દર્દીઓને પોષણ સહાય પૂરી પાડવામાં લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ સક્રિય ભૂમિકા ભજવશે.






PRINTER, PUBLISHER, OWNER AND EDITOR : NILAYBHAI HARISHBHAI MEHTA PRINTED AT DHARTI PRINTERS : C/3, Celler, Shanker Chambers, Opp. Bata Showroom, Nr. H.K. House, Ashram Road, Ahmedabad-380009. gujarat AND PUBLISHED FROM : Opp. Sheth Vadilal Sarabhai Hospital, Ellisbridge, AHMEDABAD-380006(GUJ).